(1) Seat No: ______

No. of Printed Pages : 3

# SARDAR PATEL UNIVERSITY

## B.Ed.(Semester-1) Examination

October-2016

Date: 17-10-2016 UE01CBD201-Reading and Reflecting on Texts

Time : 10:00AM To 11:30AM પાઠ્ય વાચન અને ચિંતન Total Marks: 35

પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોમાંથી કોઇપણ ચાર પ્રશ્નોના ઉત્તરો લખો : (08)

(૧) વાચનની કોઇપણ એક વ્યાખ્યા આપી, વાચનની સંકલ્પના સ્પષ્ટ કરો .

(૨) સમસ્યાઉકેલ માટેનું વાંચન એટલે શું?.

(૩) મુખ વાચન અને મૂકવાચન વચ્ચે નો ભેદ સ્પષ્ટ કરો .

(૪) મૂકવાચનની મર્યાદા જણાવો.

(૫) વાચનને અસર કરતાં પરિબળો લખો..

પ્રશ્ન ૨. નીચેનામાંથી કોઇપણ બે પ્રશ્નોના ઉત્તરો લખો : (10)

1. ' દિવાસ્વપ્ન ' પુસ્તકના ગધ્યખંડના આધારે નીચેના પ્રશ્નનો ઉત્તર લખો

મેં છોકરાઓ ને કહ્યું: " ચાલો શાંતિની રમત રમીએ , જુઓ, હું 'ૐ શાંતિ:' કહું ત્યારે સૌ ચૂપચાપ બેસી જજો .પછી હું બારણાં બંધ કરીશ એટલે અંધારું થશે. સૌ શાંત હશે એટલે આસપાસના ઘોંઘાટ સંભળાશે એ સાંભળવાની ગમ્મત આવશે . માંખીઓનો બણબણાટ સંભળાશે. તમારો શ્વાસોત્શ્વાસ પણ સંભળાશે. પછી હું ગાઇશ તમે સાંભળજો."

હું આ બધું બોલી ગયો ને શાંતિની રમત આદરી 'ૐ શાંતિ:' બોલ્યો પણ છોકરાઓ તો ધક્કાધક્કી ને વાતો કરતા હતા. બે પાંચ વાર બોલ્યો પણ જાણે હવામાં જાય છે! હું મનમાં મૂઝાયો . "ચૂપ ! ગડબડ નહી ! " એમ તો કાઈ થોડુંક કહેવાઈ ! થપાટ મારીને ડરાવાય પણ કેમ ! પણ આગળ ચાલ્યો અને બારીઓ બંધ કરી, અંધારું થયું ને ધ્યાન (!)ચાલ્યું. છોકરાઓમાં કોઈ ઉ ઉ કરવા લાગ્યા ,કોઈ હાઉ હાઉ કરવા લાગ્યા. તો કોઈ ધડધડ પગ પછાડવા લાગ્યા.એમાં એકજણે તાલી પાડી.કોઈ હસ્યું ને હસાહસ ચાલી. હું ખાસિયાંણો પડી ગયો; મો ફિક્કું પડી ગયું: બારીઓ ઉગાડી નાખી ને જરા વાર ઓરડાની બહાર જઇ પાછો આવ્યો. વર્ગ અખો ઊલટો મસપતિમ આવ્યો હતો; છોકરાઓ એક બીજા ની સામે 'ૐ શાંતિ:' કરતા હતા .કોઈ ઉભા થઇ પોતે જ બારીઓ બંધ કરતા હતા .

પ્રશ્ન : લક્ષ્મીકાંત માસ્તર ના વર્ગ-વ્યવહારના પડકારો અને શિક્ષક તરીકે તમારા વર્ગકાર્યના પડકારોમાં કઈ સમાનતા અને વિષમતાઓ છે?

2. 'સિધ્દ્રાર્થ ' પુસ્તકના ગધ્યખંડના આધારે નીચેના પ્રશ્નનો ઉત્તર લખો

સિધ્દ્રાર્થ હોડીવાળા સાથે રહયો અને હોડીની કાળજી કેમ રાખવી તે શીખ્યો. અને હોડીમાં ક્યારેય કશું ન કરવાનું હોય ત્યારે તે વાસુદેવ સાથે ડાંગરના ખેતરમાં કામ કરતો , લાકડાં એકઠાં કરતો અને કેળનાં વૃક્ષ પરથી કેળાં તોડતો. હલેસાં બનાવતાં તે શીખી ગયો, હોડીની મરમ્મત કરતાં તેને આવડી ગયું અને ટોપલીઓ બનાવતાં પણ શીખી ગયો . તે જે કૈ કરતો અને શીખતો તેનાથી તે પ્રસન્ન રહેતો હતો અને દિવસો અને મહિનાઓ સત્વરે પસાર થઇ ગયા. પણ તેને વાસુદેવે તેને શીખવ્યું તે કરતાં તો તે સરિતા પાસેથી ઝાઝું શીખ્યો. તેની પાસેથી તે સતત શીખતો રહયો. સવિશેષ તો તેની પાસેથી સાંભળતાં. સ્વસ્થ હૃદયે સાંભળતાં, ધૈર્યસહ, ખુલ્લા હૃદયે , આવેશ વિના , કામના વિના , નિર્ણય વિના , અભિપ્રાય વિના સાંભળતાં શીખ્યો.

(P.T.O.)

વાસુદેવ સાથે તે પ્રસન્નતાપૂર્વક રહયો. ક્યારેક ક્યારેક તે બંને વચ્ચે શબ્દવિનિમય થતો, થોડા તથા લાંબા વિચારપૂર્વકના શબ્દોનો. વાસુદેવ મિતભાષી હતો અને તેને બોલતો કરવામાં સિધ્ધાર્થ ભાગ્યે જ સફળ થતો. તેણે તેને એક વાર પૂછયું હતું, 'તમે આ રહસ્ય-સમય જેવી કોઇ વસ્તુ નથી તે –પણ તમે આ સરિતા પાસેથી શીખ્યા ?'

વાસુદેવની મુખમુદ્રા પર એક તેજસ્વી સ્મિત ફરકી ગયું .

'હા, સિધ્ધાર્થ,' તેણે કહ્યું,'તું એમ જ કહેવા માગે છે ને કે એકજ સમયે નદી સર્વત્ર છે – તેના મૂળમાં અને તેના મુખમાં , પ્રપાત પાસે તથા હોડી પાસે, વહેણમાં , સાગરમાં, પર્વતોમાં, સર્વત્ર, અને માત્ર વર્તમાનનું તેને મન અસ્તિત્વ છે, ભૂતકાળનો પડછાયો નહીં કે ભવિષ્યનો પડછાયો નહી ?'

પ્રશ્ન: (૧) સિધ્ધાર્થ હોડીવાળા સાથે રહી ને ક્યા ક્યા કાર્યો શીખી ગયો હતો ?
(૨) સિધ્ધાર્થ સરિતા પાસેથી શું-શું શીખ્યો હતો?

3. 'શિક્ષણ ભીતરનો ખજાનો' પુસ્તકમાંથી લીધેલ નિમ્નલિખિત ગધખંડ ને ધ્યાનથી વાંચો અને ગધખંડની નીચે દર્શાવેલ પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપો.

આજે જયારે જ્ઞાન તથા માહિતીનો જથ્થો કૂદકે અને ભૂસકે વધી રહ્યો છે, અને ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ સતત વધતી જતી વિવિધ પ્રકારની વિધાર્થી સંખ્યાને પહોંચી વળવાનો વિશ્વાસ ધરાવે છે ત્યારે ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં , ઉચ્ચશિક્ષણની કક્ષાએ શીખવાતા જ્ઞાનની ગુણવત્તા અને ઉચ્ચશિક્ષણના ક્ષેત્રના શિક્ષકોની તાલીમની ગુણવત્તાનું મહત્વ ખૂબ જ વધી ગયું છે. ઉચ્ચશિક્ષણની સંસ્થાઓએ શિક્ષકોની તાલીમની જવાબદારીમાં ચાવીરૂપ ભાગ ભજવવાનો છે. આ ભાગ તેને પ્રશિક્ષકોની તાલીમના ક્ષેત્રમાં તથા ઉચ્ચશિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રના શિક્ષકોની તાલીમમાં પણ ભજવવાનો છે. આ માટે તેમણે આર્થિક અને સામાજિક ક્ષેત્રોની વ્યક્તિઓને તેમનામાં લાવવા માટે તેમનાં દ્વાર ખુલ્લાં રાખવાનાં છે. આ સંસ્થાઓએ શૈક્ષણિક ક્ષેત્ર તથા આર્થિક અને સામાજિક ક્ષેત્રો વચ્ચે અદલાબદલી કરવાની સગવડ પૂરી પાડવાની છે .આમ માનવજાતના આજ સુધીના જ્ઞાનના સમાન વારસાની તથા તાજામાં તાજા સંશોધનના પરિણામોનો લાભ લેવાની તક દરેકને મળવી જોઈએ . સમાજે વિશ્વવિધાલયોને જે સાધનો પૂરાં પાડ્યાં છે તેના બદલામાં સમાજને આ બધુ આપવાનો નૈતિક કરાર વિશ્વવિધાલયોએ સ્વીકારી લેવો જોઈએ.

પ્રશ્ન:- ઉપર્યુક્ત ગધખંડના આધારે " સાંપ્રત સમયમાં ઉચ્ચશિક્ષણ સંસ્થાઓ અને સમાજ વચ્ચે પરસ્પર સંબંધ જરૂરી છે ." આ વિધાન અંગે તમારા વિચારો રજૂ કરો.

પ્રશ્ન ૩. નીચેના પ્રશ્નોમાંથી કોઇપણ એક પ્રશ્નનો ઉત્તર લખો : (07)

1) ડૉ.એસ.રોબિન્સનની વાચન પ્રતિકૃતિનું 'શબ્દપ્રત્યભિજ્ઞાન' (પ્રત્યક્ષીકરણ) તથા 'અર્થ ગ્રહણ' સોપાન સમજાવો.
2) ચિંતન પ્રક્રિયાનો અર્થ તેમજ વિકાસની પ્રવિધિઓ વર્ણવો.

પ્રશ્ન ૪. નીચેનામાંથી કોઇપણ બે પ્રશ્નોના માગ્યાનુસાર ઉત્તર લખો. (10)

1. ' શિક્ષણ વિચાર' પુસ્તકમાંથી લીધેલ નીચેનો ગધખંડ વાંચો. આ ગધખંડને આધારે નીચે આપેલ પ્રશ્નનો યોગ્ય ઉત્તર લખો.

હું તો ત્યાં સુધી કહીશ કે નાનાં બાળકોને શિક્ષણ એમની પોતાની માતૃભાષામાં આપવાને બદલે પારકી ભાષામાં આપશો તો એ બાળકો નિર્વીર્ય બનશે, નિર્બોધ બનશે,તેમની ગ્રહણશક્તિ બુઠ્ઠી બનતી જશે. તમારે પ્રયોગ કરવો હોય તો ઇંગ્લેંડમાં જઇને કરી જુઓ ! ત્યાંના બાળકોને બધું શિક્ષણ હિન્દી કે કન્નડ કે મરાઠી માધ્યમ

દ્વારા આપી જુઓ ! ત્યારે તમને ખબર પડશે કે એ બિચારા બાળકોની બુદ્ધિ પર કેટલો બોજ પડે છે ! એમના શરીર ને પ્રાણ જીર્ણ –શીર્ણ થતા જશે.

કૃષ્ણે સંદીપનીના આશ્રમમાં રહીને વિદ્યા પ્રાપ્ત કરી ,પછી ઘરે પાછા ફરતા હતા ત્યારે ગુરુ એ કહ્યું , વર માંગો ! કૃષ્ણે માગ્યું –' માતૃ હસ્તેન ભોજનમ.' એટલે કે મરતા સુધી મને માતા ના હાથનું ભોજન મળે. હું વિચાર કરું છુ કે બાળકોની શી વલે થતી હશે, જેમની ક્યારેય મન હાથનું ભોજન ખાવાનું ભાગ્ય સાપડતું નથી! ક્યાંક હોટલ માં ખાય છે કે ક્યાંક ભોજનાલય માં . માંના ભોજન માં માત્ર રોટલો જ નથી હોતો, પ્રેમ પણ હોય છે. એટલા વાસ્તે જ કૃષ્ણે ' માતૃ હસ્તેન ભોજનમ. ' એવો વર માંગ્યો. એવી જ રીતે હું એવું માંગું કે ' માતૃ મુખેન શિક્ષણમ ' એટલે કે માતા ને મુખેથી શિક્ષણ મળે. અને એજ વાત માતૃભાષા ને લાગુ પડે છે. બાળક ને પોતાની માતૃ ભાષામાં જ શિક્ષણ મળવું જોઇએ . શિક્ષણ નું માધ્યમ તો માતૃભાષા જ હોય. માતૃભાષા દ્વારા જ પહેલે થી છેવટ સુધી બધું શિક્ષણ આપવું જોઇએ . શિક્ષણ માટે અંગ્રેજી માધ્યમ ની વાત કરવી, એ સો ટકા મુર્ખામી છે.

પ્રશ્ન: ઉપર્યુક્ત ગદ્યખંડને આધારે" માતૃભાષા દ્વારા જ શિક્ષણ અપાવું જોઇએ." વિધાનના સમર્થનમાં તમારી દલીલો રજુ કરો.

2. એલ્વિન ટોફલરના' ત્રીજુ મોજું પુસ્તકમાંથી લીધેલ નિમ્ન લિખિત ગદ્યખંડ ધ્યાનથી વાંચો અને ગદ્યખંડની નીચે દર્શાવેલ પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપો.

એકલવાયપણાની લાગણી માણસને કોરી ખાતી હોય છે. અને તેને દૂર કરવા માટે માણસ કોઇને કોઇ સમૂહ ને સમુદાય માટે પોતીકાપણું અનુભવે એ જરૂરી છે. પોતે એ સમુદાયનો છે, અને એ સમુદાય પોતાનો છે , એવી માણસને અનુભૂતિ થવી જોઇએ. પરંતુ આજે જૂની બધી સંસ્થાઓ અને પરંપરાઓ તૂટી રહી હોવાથી માણસને આવી અનુભૂતિ થઇ શકતી નથી. પરિણામે સામાજિક એકલવાયાપણાની અટૂલાપણાની ફરિયાદ બધે સંભળાય છે. ઉચ્ચ મધ્યમ વર્ગની ગૃહિણીઓ જીવનનો ખાલીપો ભરવા કામધંધો શોધે છે, પશુપ્રાણીઓ પાળે છે. મુખ્યત્વે આ અટૂલાપણાની ભીંસમાંથી મુક્ત થવા જ માણસ સહેલગાહો અને મનોરંજનનો આશરો લે છે.

પ્રશ્ન : ઉપર્યુક્ત ગદ્યખંડને આધારે ' સાંપ્રત સમયમાં માણસને અનુભવાતી એકલતાની સમસ્યા ' આ વિધાનના સંદર્ભમાં તમારા વિચારો રજૂ કરો.

3. 'ચારિત્ર્ય નિર્માણ માટેનું શિક્ષણ ' માંથી લેવાયેલ નીચેનો ગદ્યખંડ ધ્યાનથી વાંચો અને ગદ્યખંડની નીચે આપેલ પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપો.

એ પણ સમજી લેવું જરૂરી છે કે ચારિત્ર્ય નિર્માણની પ્રક્રિયામાં શિક્ષકનું પોતાનું ચારિત્ર્ય ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. શિક્ષકો પાસેથી આપણે વાજબી ભૂમિકા ભજવવાની માંગણી કરવી પડશે. શિક્ષકોએ પોતે સ્વનિયંત્રણ દાખવવાની કાળજી લેવી પડશે , તથા શીખવા-શીખવવાની પ્રક્રિયા દરમિયાન જ વિદ્યાર્થીઓમાં ડહાપણ, સંકલ્પ, હિંમત, કરુણા, સંવાદિતા તથા વિવિધ પ્રકારની કુશળતા નું પોષણ મળે તથા સમન્વય સધાય તેવું આયોજન કરવું પડશે. શિક્ષકે શીખવવા-શીખવાની પ્રક્રિયામાં પોતાની જાતને પૂરી સામેલ કરવી પડશે . અહીં ફક્ત વિષયો અને પુસ્તકો સાથે જ કામ લેવાનું નથી પરંતુ વિદ્યાર્થીની નિપુણતા અને ક્ષમતા વધે જરૂરી એકાગ્રતા અને સંકલ્પશક્તિ વધે તે જરૂરી છે. આ ગુણો ચારિત્ર્યના વિકાસમાં અમૂલ્ય છે. અહીં શિક્ષક તેના વિષયમાં ઉચ્ચ સ્તરની નિપુણતા ધરાવતો હોય તેટલું જ જરૂરી નથી. પરંતુ તેના વ્યક્તિત્વનો સારો એવો વિકાસ બને તેટલો જલ્દી થાય તે જરૂરી છે. શિક્ષકે પોતાના શિક્ષણકાર્યને પોતાના ચારિત્ર્ય અને વ્યક્તિત્વના વિકાસ માટેની પણ આ તાલીમ ગણવાની છે અને તે રીતે મૂલવવાની જરૂર છે. ફક્ત ઉત્તમ ચારિત્ર્યવાળા શિક્ષકો જ ઉત્તમ ચારિત્ર્યવાળા વિદ્યાર્થીઓ પેદા કરી શકે છે .

પ્રશ્ન : વિદ્યાર્થીઓમાં ઉત્તમ ચારિત્ર્ય-નિર્માણ માટે શિક્ષક તરીકે તમે શું કરશો ? કોઇપણ
- પાંચ બાબતો જણાવો.

—x—